કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરનાર અધિકારીઓ/ કર્મચારીઓને મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક

સચિવાલય, ગાંધીનગર

તારીખ : તા.૨૪/૦૯/૨૦૨૨

વંચાણે લીધા :

(૧) સા.વ.વિના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક, તા.30/૦૯/૨૦૦૬.
(૨) સા.વ.વિના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.30/૦૯/૨૦૦૬.
(૩) સા.વ.વિના ઠરાવ ક્રમાંક: કેપીટી-૧૧૨૦૦૭-૩૦૩૬૨-ક, તા.૦૧/૧૦/૨૦૦૭.
(૪) સા.વ.વિના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક, તા.૨૨/૦૭/૨૦૧૩.
(૫) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૬-૨૮૨-ક તા.૨૦/૦૯/૨૦૧૬.
(૬) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક, તા.૨૮/૦૭/૨૦૨૦.

**આમુખ :**

સરકારી સેવામાં નિમણૂંક પામેલ અધિકારીઓ/કર્મચારીઓએ વંચાણે લીધેલ ક્રમ(૧) પરના જાહેરનામાથી ઘડાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ તેઓના અજમાયશી સમયગાળા દરમ્યાન તેમજ બઢતી/ઉચ્ચતર પગારધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યને સંબંધિત સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. તેમજ વંચાણે લીધેલ ક્રમ (૨) પરનાં ઠરાવથી "કોમ્પ્યુટર કૌશલ્ય" માટેની તાલીમ અને પરીક્ષા માટેની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

૨. સરકારી કર્મચારીઓ/અધિકારીઓ આ કોમ્પ્યુટર કૌશલ્યને સંબંધિત સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ ન થવાના કારણે સમયસર બઢતી/ઉચ્ચતર પગારધોરણનો લાભ મેળવવાથી વંચિત ન રહી જાય તે માટે સરકારશ્રી દ્વારા ઉદાર વલણ અપનાવીને કોમ્પ્યુટર કૌશલ્યને સંબંધિત સીસીસી/સીસીસી+ની પરીક્ષા

તા.૩૧/૦૩/૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરી શકાશે તેવી જોગવાઇ વંચાણે લીધેલ ક્રમ(૧) મુજબના જાહેરનામામાં જ કરવામાં આવેલ.

સરકારી કર્મચારી/અધિકારીઓને બઢતી/ઉચ્ચતર પગારધોરણનો લાભ મળતો રહે, તેવા શુભ આશયથી સરકારશ્રી દ્વારા સરકારી કર્મચારી/અધિકારીઓના હિતમાં વખતોવખત કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરવાની મુદતમાં વખતોવખત વધારો કરવામાં આવેલ હતો. અને વંચાણે લીધેલ ક્રમ(૪) પરના પરિપત્રથી આ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની મુદત તા.૩૧/૧૨/૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ હતી, ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ (૫) પરના ઠરાવથી તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૬ સુધી અને ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ(૬) પરના ઠરાવથી પુનઃ મુદ્દત તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવી અને આ વધારેલ મુદ્દત દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા સરકારી કર્મચારી/અધિકારીઓને ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે, જ્યારે તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ પરીક્ષા પાસ કરનાર કર્મચારી/અધિકારીઓ જે તારીખે પરીક્ષા પાસ કરી હોય તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે તે મુજબ ઠરાવવામાં આવેલ છે.

આથી આ સંદર્ભે પુનઃ મળેલ રજૂઆત અન્વયે સરકારી કર્મચારી/અધિકારીઓને તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ પણ મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

(૧) જે સરકારી કર્મચારી/અધિકારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તેઓએ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો મારફત કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય/કરશે તથા ઉચ્ચતર પગારધોરણ માટેની અન્ય જોગવાઇઓ સંતોષતા હશે તો તેઓને તેમની ઉચ્ચતર પગારધોરણની મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે.

(૨) જે સરકારી કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સમયગાળા દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો મારફત કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય/કરશે અને અગાઉ ઉચ્ચતર પગારધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરવામાં આવેલ હોય તો તેવા કિસ્સાઓમાં ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખમાં ફેરફાર કરી ઉચ્ચતર પગારધોરણની મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજુર કરવાનું રહેશે.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૪ બાદ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરશે તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, તેઓને ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે.

આ જોગવાઇઓ રાજ્ય સેવા, પંચાયત સેવા તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓને સમાન ધોરણે લાગુ પડશે.

આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૪/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

SPopatani

(સિમરન પોપટાણી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીની અગ્રસચિવશ્રી
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીની અંગત સચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

ઉપસચિવશ્રી, કમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ

એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર

સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

રેસીડન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર

ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ/ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે

સચિવાલયના સર્વે વિભાગો

સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)

રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.

એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.

નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

સિલેકટ ફાઇલ.

---

- પત્ર દ્વારા